

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

ઈબાદત - ધર્માચરણ પ્રજામાં ખૂટી ગયાં છે,
વિચારતાં નથી ભાવિ યુવા-હૈયાં ફૂટી ગયાં છે.
ચૂકી ગયાં છે તેની રાષ્ટ્રીય ફરજ કાશ્મીરીઓ -
કાશ્મીરી સૌંદર્યનું નશીબ હવે રૂઠી ગયાં છે
(સેના અધિકારીનો વધ)

હાઈકુ

અધમાધમ!
કરે પથ્થર - મારો -
જનાજા પર...
(હાય! માનવતા!!)

કરે સહન -
આ ગાંધીવાદી સેના -
ગાલે તમાચા...
(વિંધાય હૃદય ગોળીઓથી)

## ચિંતન

જો ન તરૈ ભવ સાગર સમાજ અસ પાઈ ।
સો કૃત નિન્દક મન્દમતિ આત્માહન ગતિ જાઈ ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજકગ્રંથમાંથી લેવાયેલ છે.

મનુષ્ય દેહ આપીને પરમાત્માએ જીવ ઉપર કૃપા કરી જ છે. હવે જીવે પોતે પોતાના ઉપર કૃપા કરવાની છે.

માનવ પોતે પોતાનો મિત્ર થઈ શકે છે અથવા શત્રુ પણ થઈ શકે છે. જેને જીવનમાં કોઈ લક્ષ્ય નથી, લક્ષ્યનું ભાન થયા છતાં તે માટે કોઈ સાધન કરતો નથી, તે તેનો જ નાશ કરે છે તેનું પતન થાય છે.

બુદ્ધિમાન એકાગ્ર ચિત્તથી આ શરીરમાં ઈશ્વરનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. મનુષ્ય શરીર જ્ઞાન તથા ભક્તિ માટેનું સાધન હોઈ, સર્વશ્રેષ્ઠ છે. મનુષ્ય શરીર સર્વ ફળોનું મૂળ છે અને સર્વ પુરુષાર્થોનું સાધન છે, કરોડો ઉપાયોથી પણ એ પામવું દુર્લભ છે.

## સુવિચાર

- ક્યારેક સકારણ ક્રોધ નીકળે છે, ક્યારેય ક્રોધ કાઢવા માટે લોકો કારણ શોધે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા પરિવારને આનંદથી છલકાવી દો, ભાગવાની નહીં, જાગવાની જરૂર છે - **માનસસૂત્ર**
- 'ગૃહસ્થ' એટલે ગૃહમાં સ્થિતિ, બધી વ્યવસ્થા બરાબર પાકી કરીને જીવવું તે ગૃહસ્થી - **મોરારિ બાપુ**
- કામ, ક્રોધ, પણ પ્રભુ તરફ વળી જાય તો સફળતા મળે, દુર્ગંધ પણ ખેતરમાં નાખવામાં આવે તો તે ખાતર બની ફસલને પકાવે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ખુદ માટે થોડો સમય કાઢો, તે જ ખુદા માટે કાઢેલો સમય છે - **જનકલ્યાણ**
- બીજાને રોટલો ખવડાવતાં ખવડાવતાં જે ખુદ ભૂખ્યો રહી જાય, તેના ઘરે કુબેર ખુબ ભીખ માંગવા આવે છે - **રાજુ અંધારિયા**
- આજનું ઔષધ : નાસપતીમાં ખડીસાકર જીરુ, લીંબુ નાખી જ્યુસ બનાવી પીવાથી તૃષા રોગમાં રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સ્વામી શિવાનંદ એકવાર એક ભક્તને ત્યાં રોકાયેલા. સ્વામીએ પેલા ભક્તને કહ્યું, 'તમારી પાસે દાઢી કરવાની બ્લેડ હોય તો મને આપજો.' પેલા ભક્તે બ્લેડ લાવી આપી. સ્વામી એમના પલંગ પાસેના ખૂણા પાસે બેઠા ત્યાં એક મરી ગયેલા મોટા વંદાને કીડીઓનો એક સમુહ પોતાના દરની અંદર લઈ જવાની કોશિશ કરતો હતો. પણ દીવાલ પાસેની બારીક તડ પાસે આવી કીડીઓ ઊભી રહી ગઈ હતી. કારણ કે મરેલા વંદાને નાની તડમાંથી દરમાં લઈ જવું શક્ય ન હતું.

આ તડ પાસે આવીને કીડીઓ નાસીપાસ થતી હોય એવું સ્વામીને લાગ્યું. એટલે સ્વામીએ ફૂંક મારી બધી કીડીઓ ને થોડી દૂર કરી. મરેલા વંદાના શરીરના બ્લેડ વડે નાના નાના ટુકડા કરી નાખ્યા. થોડી જ વારમાં બધી કીડી ભેગી થઈ પેલા નાના નાના ટુકડા એક એક કરીને પોતાના દર સુધી લઈ ગઈ. કીડીની વ્યથા સમજનાર સ્વામી ગજબ. સ્વામીની કીડી માટેની દયા કરૂણા જોઈ ભક્ત અચંબિત થઈ ગયો.

# બિલકીસ કેસનો બોધપાઠ

તંત્રીસ્થાનેથી...

અનુગોધરા રમખાણો દરમિયાન સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી બિલકીસ બાનુએ એની સાથે દુષ્કર્મ આચરનારાઓને અને પોતાના બાળક સહિત અન્ય સ્વજનોની હત્યા કરનારાઓને નજરે જોયા છતાં એમને મુંબઈ હાઈકોર્ટ દ્વારા ફટકારાયેલ સજાથી પોતે સંતુષ્ટ હોવાની વાત કરે છે એ એની ખાનદાની છે. બીજી કોઈ પણ સ્ત્રીઓ આવા સંજોગોમાં મુકાતાં આરોપીઓને સંભળાવાયેલ જનમટીપ સુધીની સજા એમના ધૃણાસ્પદ અને ક્રૂર આચરણ માટે ઓછી હોવાની કાગારોળ મચાવી હોત તથા સ્પષ્ટ શબ્દોમાં એમને ફાંસી આપવાની માગણી કરી હોત. બિલકીસનો કેસ દિલ્હીની નિર્ભયાના કેસ કરતાં પણ વધારે ક્રૂરતાપૂર્વક આચરાયેલ દુષ્કર્મ ઉપરાંત માતાની નજર સામે એના જિગરના ટુકડા સમાન બાળકની અને અન્ય સ્વજનોની બેરહેમીપૂર્વક કરાયેલ હત્યાનો કેસ હતો. હાઈકોર્ટે એને રેરેસ્ટ ઑફ રેર કેટેગરીમાં મૂકી આરોપીઓને ફાંસીની સજા સંભળાવી હોત તો જરૂર એથી સમાજમાં આવાં ગુનાઈત તત્ત્વોને બોધપાઠ મળ્યો હોત. બનવાજોગ કે બિલકીસ આ આખી ઘટનાની એક માત્ર સાક્ષી હોઈ અદાલતે એની લેવી જોઈએ એવી અને એટલી ગંભીર નોંધ લેવામાં ઢીલાશ વરતી હોય. પરંતુ બિલકીસને હવે આરોપીઓને વધુ આકરી સજા કરાવવામાં રસ નથી. એને તો એનાં બાળકોના શિક્ષણની ચિંતા છે. બળાત્કાર વખતે એ ગર્ભવતી હતી. એ બાળકી અત્યારે દસમા ધોરણની પરીક્ષા આપી ચૂકી છે એને પોતે વકીલ કે સમાજસેવિકા બનવા માગે છે. જેથી એ અન્યાય પામેલ કમનસીબ વ્યક્તિઓને ન્યાય અપાવી શકે. બિલકીસનો કેસ લડનારી સમાજસેવી સંસ્થાઓ અને માનવાધિકાર માટે ઝઝૂમતી પ્રતિભાઓને દુઃખ એ વાતનું છે કે છેક વતન ગુજરાતથી મુંબઈ જઈ કેસ લડવો પડ્યો હોવા છતાં આ દુખિયારી સ્ત્રીને હજી સુધી રાજય સરકારે વળતર ચૂકવ્યું નથી. રાજય સરકારની ફરજ છે કે એને વેળાસર વળતર ચૂકવી એના વેરવિખેર જીવનને પુનઃસ્થાપિત કરવામાં શીઘ્રાતિશીઘ્ર સહાયરુપ બને. અનુગોધરા રમખામોમાં રાજય સરકારની આડકતરી સંડોવણી વિશે જયારે દુનિયાભરમાં શંકા-કંશુખા પ્રવર્તતી હોય ત્યારે આવી બેદરકારી એને પોસાય ખરી ? બિલકીસે પત્રકાર પરિષદ ખરીને ફક્ત પોતાનાં બાળકોની સલામતી અને શિક્ષણ અંગેની ફિકર રજૂ કરી છે. પંદર વર્ષ સુધીનો સમય એણે ભય અને અસલામતીના ઓથાર હેઠળ પસાર કર્યો છે. વારંવાર ઘર બદલવાં પડ્યાં છે. એણે અને એના પરિવારે આ સમયગાળા દરમિયાન કેટલી ઊંડી પીડા અનુભવી હશે એનું વર્ણન તો ખુદ એ પણ નહીં કરી શકે. હવે જયારે સમય જ બધી પીડાઓ ભૂલવા માટેનું ઔષધ સાબિત થઈ રહ્યો છે ત્યારે એને પોતાની સાથે થયેલ ક્રૂર અત્યાચાર કે નજર સામે થયેલ બાળકની હત્યા પર આંસુ સારવા કરતાં વર્તમાનની ચિંતા છે, બાળકોના ભવિષ્યની ચિંતા છે. ખરેખર તો આવી કમનસીબ ઘટનાનો ભોગ બનેલ મહિલાની અને એનાં બાળકોની જવાબદારી સરકારે તથા સમાજે ઉપાડી લેવી જોઈએ. એને ફક્ત માનવ અધિકારના રક્ષકોનો બિલ્લો લગાવીને ફરતા મુઠ્ઠીભર સમાજસેવકોની દયા પર ન છોડી દેવી જોઈએ. વળી એને પોતાના ધર્મ સંપ્રદાયના ઠેકેદારોની કૃપા પર પણ ન છોડી દેવી જોઈએ. શ્રેષ્ઠ માર્ગ તો એ ગણાય કે જયારે દેખીતી રીતે આવી ધૃણાસ્પદ ઘટનાને અંજામ આપનારાઓ બહુમતી સમાજના હતા એ સાબિત થયું છે અને હાઈકોર્ટે એની સજા પણ ફરમાવી દીધી છે ત્યારે હિંદુ સમાજે જ બિલકીસના યોગક્ષેમની જવાબદારી ઉઠાવી સામાજિક અને સાંપ્રદાયિક સૌહાર્દ અને ભાઈચારાનું ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. સમાજને આવી ક્રૂર ઘટનાઓનું પુનરાવર્તન ન થાય, એવું લોકશિક્ષણ આપવાની જવાબદારી પણ સરકાર અને પ્રબુદ્ધ નાગરિકોની ગણાય. ગુજરાતના શિરે અનુગોધરા માનવસંહારની કાળી ટીલી લાગેલી છે, એ ભૂંસવાની એક તક આપણને ખુદ અત્યારનો ભોગ બનેલી મહિલાએ સામે ચાલીને આપી છે. એમાંથી બોધપાઠ લઈ કોમી એકલાસનો નવો અધ્યાય રચવાની જવાબદારી આપણી છે.

# મૌન સર્વોત્તમ ભાષણ છે, જો એક શબ્દથી ચાલે તેમ હોય તો બીજો શબ્દ વાપરવાથી દૂર રહો

મહાત્મા ગાંધીના નીતિસૂત્રોની એક આછી ઝલક



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીની વાણી એટલે અંધકારમાં ઉભેલા માણસ માટે ઉજાશરૂપી દીવો છે. ગાંધીજીની અનેક ગણી વાતો દરમિયાન તેમણે જે વચનો સમયે સમયે વ્યક્ત કર્યા હતા તેની ઝાંખી અત્રે રજૂ કરવી છે. જેના થકી સત્ય, પ્રેમ અને કરુણાના રસ્તે ચાલવામાં એક સહારો મળે.

- ભારેમાં ભારે તાકાત પણ માણસને નીચે પાડી શકતી નથી, માણસને નીચો પાડવામાં તો ખુદ માણસ જ હોય છે.
- નીડર અને બહાદુર માણસ તો જેના પર દુશ્મન હોવાની શંકા હોય તેના પર પણ વિશ્વાસ રાખે છે.
- જે અંદરથી સ્વચ્છ હોય તે કદી બહારથી અસ્વચ્છ હોઈ શકે નહીં.
- આપણે હંમેશા ખોટા જ્ઞાનથી ડરીએ છીએ, જે આપણને સત્યથી દૂર કરે એ જ્ઞાન મિથ્યા જ્ઞાન હોય છે.
- સાચુ સુખ બહારથી નથી મળતું એ તો અંતરથી જ પ્રગટ થતું હોય છે.
- આપણે બીજાને દોષી બતાવીએ અને જાતને નિર્દોષ એ બહુ ખતરનાક છે.
- મનુષ્ય એક ક્રાંતિ છે. મનુષ્યના વિકાસ માટે જીવન જેટલું જ મૃત્યુ આવશયક છે.
- સીધો રસ્તો જેટલો સરળ દેખાય છે એટલો જ કઠીન છે. જો એમ ન હોત તો બધા સીધા રસ્તા પર જ ચાલતા હોત.
- એક ટીપું ઝેર તેની અસર દેખાડે તેમ થોડું જૂઠું પણ મનુષ્યનો નાશ કરે છે.
- મનુષ્ય માત્ર ઉપર વિશ્વાસ રાખવો એ આપણું કર્તવ્ય છે. આપણે પણ બીજાની આશા રાખતા હોઈએ છીએ. જો ઈશ્વર આપણાને લાલચમાં નાંખતા હોય તો એમાંથી બચવાનો રસ્તો પણ એ જ બતાવે છે.
- સમુદ્ર જેમ જળ બિંદુઓનો બનેલો હોય છે તેમ આપણે પ્રેમ અને લાગણી સાથેના મૈત્રીના સાગર જેટલો વધુ ફેલાવી શકીએ તેટલું વિશ્વનું રુપ આપણે બદલાવી શકીશું.

આપણે ભલે ઈશ્વરને જાણતા ન હોઈએ, પણ એની સૃષ્ટિને તો ઓળખીએ છીએ ને. સૃષ્ટિની સેવા એ જ ઈશ્વરની સેવા છે.

- ઉચ-નીચનો વિચાર એ બુરાઈ છે પરંતુ બંદૂકના નાળચે દૂર કરવામાં મને વિશ્વાસ નથી.
- રોગ અનેક છે, વૈદ અનેક છે, ઉપચાર પણ અનેક છે, જો રોગ એક જ છે અને એને દૂર કરવા માટે વૈદ એક જ - રામ છે એમ સમજીએ તો ઘણા બધા સંકટોથી આપણે બચી શકીએ.
- આશ્ચર્ય છે, વૈદ મરે છે, ડૉકટર મરે છે, એમની પાછળ આપણે ભટકીએ છીએ. પરંતુ રામ, જે હંમેશા જીવિત છે અને અચૂક વૈદ છે એને જ આપણે ભૂલી જઈએ છીએ.
- મૌન સર્વોત્તમ ભાષણ છે. જો બોલવું પડે એમ હોય તો ઓછામાં ઓછું બોલો. જો એક શબ્દથી ચાલે એમ હોય તો બીજો શબ્દ બોલવાથી દૂર રહો.
- ઈશ્વર પ્રકાશ છે, અંધકાર નહીં, તે પ્રેમ છે, ધૃણા નહીં, એ સત્ય છે અસત્ય નથી.
- ધર્મહીન રાજનીતિ એક પ્રકારની ફાંસી છે, જે આત્માનો નાશ કરે છે.

મહાત્મા ગાંધી પાસે તેમના અનુયાયીઓ, આશ્રમવાસીઓ, ભારતીયો કે વિદેશીઓ, મિત્રો કે વિરોધીઓના પત્રો દ્વારા પહોંચે કે રૂબરૂ તેમને અચૂક જવાબ આપતા હતા. હજારો કે લાખોની સંખ્યામાં તેમણે પત્રો પણ લખ્યા હતા. આ પત્રો અને પ્રતિ ઉત્તર આપતા પત્રો અને લેખો દક્ષિણ આફ્રિકાથી પ્રકાશિત થતાં 'ઈન્ડિયન ઓપિનિયન', 'યંગ ઈન્ડિયા',

**અનુસંધાન પાના નં. ૭ પર**

# હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી



રવિશંકર મહારાજે કહેલા અને મેઘાણીભાઈએ સાંભળીને લખેલા નીચેના શબ્દો કાન દઈને સાંભળવા જેવા છે :

૧૯૩૦ ની લડતનું રણશીંગુ મહાત્માજીએ ફૂંક્યું હતું. સમગ્ર દેશમાંથી તેનો પ્રચંડ પ્રતિસાદ મળી રહેલો હતો. એક ચપટીભર મીઠું ઉપાડી અંગ્રેજ સરકારની દેખાતી ભવ્ય ઈમારતના પાયામાં લૂણો લગાડવા માટે બાપુ સાબરમતીના કીનારેથી સાથીદારોને લઈને મહાપ્રયાણ કરી ગયા હતા. દેશ જાગી ગયો હતો. બ્રિટીશ સરકારનું સમગ્ર તંત્ર આ સ્વયંભૂ લડતને દબાવી દેવા માટે સજાગ થયું હતું. અનેક લોકોની ઝડપભેર ધરપકડો થતી હતી. આ દિવસોમાં મહારાજ કહે છે કે અમારે ત્યાં (મહીકાંઠાના ગામડાઓમાં) એક મોતીભાઈ ડોસા હતા. એ દિવસોના સ્વાતંત્ર્ય સંગ્રામ વિશે માહિતી આપતી અનેક નાની પુસ્તિકાઓ—છાપા કે ચોપનિયા પ્રગટ થતા રહેતા હતા. મોટા ભાગના આવા પ્રકાશનો પર ગોરી સરકાર પ્રતિબંધ મૂકતી હતી. આમ છતાં અનેક યુવાનો આવી પત્રિકાઓના વિતરણનું કાર્ય પોલીસને થાપ આપીને કરતા રહેતા હતા. જો કોઈ વ્યક્તિ આવી પત્રિકા વાંચતા કે તેનું વિતરણ કરતા પકડાય તો તેને જેલ ભેગો કરી કેસ ચલાવવામાં આવતો હતો. મહારાજ કહે છે આ મોતીબાપા પણ એક દિવસ આવી પત્રિકા વાંચતા પકડાઈ ગયા. બાપાની વૃધ્ધાવસ્થાને જોઈને પોલીસ અધિકારીને તેમની દયા આવી. આથી તેમની ધરપકડ ન કરવી પડે તેવા આશયથી મોતીભાઈનો કેસ નબળો કરવા પોલીસ અધિકારીએ તેમને પૂછ્યું : ''કેમ ડોસા, આ પત્રિકા તો તમને કોઈએ તમારી જાણ બહાર મોકલી આપી હતી ને ?'' હવે મહારાજ કહે છે સ્વાતંત્ર્ય પ્રેમી મોતીભાઈનો જવાબ સાંભળો : ''શું વાત કરો છો સાહેબ ! મને કોણ મારી જાણ બહાર મોકલી આપે ? હું તો આ પત્રિકાનો નિયમિત ગ્રાહક છું અને તે પણ કંઈ આજકાલનો નથી ? છેક ૧૯૨૨ થી હું સત્યાગ્રહી છું '' પૂરા ગૌરવ અને શાનથી આ ગાંધીભક્ત મોતીડોસાએ પરાણે ગુનો કબૂલ કર્યો અને જેલમાં ગયા. જેલમાં ગયા બાદ મોતીભાઈની ખેતીની જમીન સરકારે ઝૂંટવી લીધી. જેલમાંથી છૂટ્યા ત્યારે વૃધ્ધ અને જીર્ણ બનેલા ડોસાને જીવનનિર્વાહ ચલાવવાની મુશ્કેલી રહેતી હતી. થઈ શકે તેવી મજૂરી કરી પેટનો ખાડો પૂરતા હતા. એમને મદદ કરવા કેટલાક લોકોએ પ્રયાસ કર્યો ત્યારે બોલી ઊઠ્યાં : '' હું મદદ લઈને પારકે પૈસે નિર્વાહ કરું ? મેં તો આઝાદીના જંગમાં ભાગ સ્વેચ્છાએ લીધો છે. મહારાણા પ્રતાપનો હું વંશજ છું ! '' ગાંધીએ જે સમગ્ર કાળ જગાડવાનું અસાધારણ કાર્ય કર્યું તેમાં આવા અનેક લોકો આહુતિ થઈને હોંશેહોંશે હોમાઈ ગયા હતા.

મહારાજ અને મેઘાણી વચ્ચે સ્વરાજ્ય આવ્યું તે પહેલા થયેલા વાર્તાલાપમાંથી જગતને મહીકાંઠાના આ માનવીઓની વ્યથા-કથા તથા તેમની અનેક વીરતાની વાતો જાણવા મળી. '' ઊર્મિ નવરચના '' માં આ વાતો પ્રથમ પ્રસિધ્ધ કરવામાં આવી. ૧૯૪૬ માં મેઘાણીભાઈના પુસ્તક ''માણસાઈના દીવા'' ને મહિડા પારિતોષિકથી નવાજવામાં આવ્યું. જે કોમને સમગ્ર જગત માત્ર ગુનેગારોની નજરે જોતું હતુ તેવા આ બારૈયા, પાટણવાડિયા, ધારાળા જેવી કોમના લોકોની આ ઉજળી વાતો મહારાજની અમીયલ આંખોએ જોઈ અને મહારાજના બયાન પરથી લોકસાહિત્યકાર મેઘાણીએ તેનું બળકટ આલેખન કર્યું.

એપ્રિલ માસની ગરમીના દિવસો છે. આવાજ આકરા દિવસોમાં અને ભાલપ્રદેશના ધંધુકાની અદાલતમાં ૨૮ એપ્રિલ-૧૯૩૦ ના રોજ સ્વાતંત્ર્ય સેનાની મેઘાણીએ આપેલા ઐતિહાસિક પ્રવચનની સ્મૃતિ તાજી થાય છે. પોતાના જાહેર વકતવ્યમાં કવિ મેઘાણી સરકારી તંત્રના ''સમર્થ તથા ફળદ્રુપ ભેજા'' ને અભિનંદન આપે છે ! તેઓ કહે છે કે જે ભાષણ તેમણે કર્યુંજ નથી તે ભાષણ માટેનો આ ખટલો (કેસ) ચાલે છે ! તેઓ બ્રિટીશ તંત્રના આ પગલાને હળવાશથી ''મજાકભર્યા બનાવ'' તરીકે ઓળખાવે છે. ગોરી સરકારે ગોઠવેલા ન્યાયના આ પ્રપંચમાં તેમને ભરોસો નથી. દેશમાં તે સમયે ચાલતા મુક્તિ સંગ્રામના અડગ તથા અહિંસક વીરત્વને તેઓ બીરદાવે છે. ધંધુકાની અદાલતમાં ગુનેગારના પાંજરામાં ઊભેલા આ મહામાનવની ગરવાઈથી હાજર રહેલા સૌ નતમસ્તક થાય છે. ત્યારપછી અદાલતની પરવાનગીથી તેમણે એક ગીત ગાયું. આ રચના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખમાં અજોડ છે અને તેથીજ આ રચનાઅમરત્વને વરેલી છે.

હજારો વર્ષની જૂની અમારી
વેદનાઓ, કલેજા ચીરતી
કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંના રુધિરને જીવતાનાં
આંસુડાઓ, સમર્પણ એ સહુ
તારે કદમ પ્યારા પ્રભુ ઓ !

મુંબઈ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી વસનજી ઠકરાર વ્યાખ્યાનમાળાના પાંચ પ્રવચનો તેમણે ૧૯૪૩ માં પસ્તુત કર્યા. પ્રથમ પ્રવચનથીજ જાણે કે આ કાઠિયાવાડી કવિએ મુંબઈના અનેક અધ્યાપકો, નવયુવકો પર વશીકરણ કર્યું. શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી લખે છે કે આ વ્યાખ્યાનમાળાને પરિણામે ગુજરાતી સાહિત્યને ઉત્તમ કોટિના વ્યાખ્યાન મળ્યા.

મેઘાણીભાઈની ઐતિહાસિક તથા સુપ્રસિધ્ધ રચના ''સુના સમદરની પાળે'' માં રેવા તીરે વસેલા રળિયામણા રાજેસર ગામનો યુવક સૂર્યાસ્તની પવિત્ર સાક્ષીએ, ભાંગતા અવાજે અને ઘાયલ શરીરે પોતાના મિત્રના માધ્યમથી જે સંદેશાઓ કહેવરાવે છે તે આવી ખુમારી ભરેલી યુવાનીનો ખરો પ્રતિનિધિ છે. વૃધ્ધ માતાને, વહાલસોયી બહેનને, ભોળા ગ્રામવાસીઓ તથા કાળી આંખોવાળી પ્રિયતમાને કહેવા માટે જે ઉર્મિઓ તેની વાતમાં સહજ ભાવે અને કળાત્મક ભાવે ઉભરાય છે.

માડી ! હું તો રાન પંખીડું, રે માડી ! હું વેરાન પંખીડુ
પ્રીતિને પીંજરે મારો જંપિયો નો 'તો જીવ તોફાની રે, સુના સમંદરની પાળે.

રેવાના ઘેરા નાદ અને સંગ્રામ સ્થળની ભિષણતા વચ્ચે પણ યુવાનના મનોભાવનું આવુ મોહક ચિત્ર મેધાણી જેવા સર્જક જ પ્રગટ કરી શકે. એપ્રિલ માસના સંદર્ભે અને ધંધુકાની અદાલતની યાદગાર જુબાનીની શાખે કવિ અને સંશોધક ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિ મનને પ્રફુલ્લતાથી ભરી દે છે.

# ગાંધીનગર સાહિત્યસભામાં કટારલેખિકા નેહલ ગઢવીનું વકતવ્ય



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

- ગાંધીનગર સાહિત્યસભામાં કટારલેખિકાનું વકતવ્ય

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, માગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ મહેકતું - મધમધતું અને ફોરતું રાખવા અવારનવાર યોજાયા સાહિત્યિક કાર્યક્રમો પૈકીના 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત; 'ગાંધીનગર સમાચાર', 'પાટનગર પ્રકાશ' અને 'ચારણ સંસ્કૃતિ'ના કટારલેખિકા શ્રીમતી નેહલ ગઢવીનું વકતવ્ય તા. ૧૪-૫-૨૦૧૭ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. વિશેષમાં, તે સમયે ગાંધીનગર સાહિત્ય સભાના સને ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ ના ત્રણ વર્ષ માટેના સૂત્રધારોની વરણી કરવામાં આવશે. આથી આ સાહિત્યિક મહેફિલને માણવા અને આ વરણી કાર્યક્રમમાં ભાગલેવા પધારવા, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો, નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો - ભાવકોને ભાવભર્યું હાર્દિક જાહેર નિમંત્રણ છે.

- વૃત્તસંચય

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા સંઘકાયા ફાઉન્ડેશન, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે તથાગત ગૌતમબુદ્ધ જયંતિ ઉજવણી અને ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિના અવસરે, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ડૉ. બાબા સાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી તથા વિવિધ એવોર્ડ અર્પણવિધિ સમારોહ ૧૦મી મે, ૨૦૧૭એ સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ઓડિટોરીયમ, શાહીબાગ, અમદાવાદ ખાતે મુખ્યમંત્રી સા.ન્યા. અને અધિ.ના અધ્યક્ષસ્થાને અને ગુજરાતવિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં અને ઓલ ઈન્ડિયા ભિખ્ખુ સંઘના પ્રેસીડેન્ટ ભંતે સદાનંત મહાથેરોની પ્રેરક ઉપસ્થિતિમાં અને ગૌતમભાઈ શાહ, મેયર મહાનગરપાલિકા, અમદાવાદ, પુનમભાઈ મકવાણા સંસદીય સચિવ, ડૉ. કિરીટભાઈ સોલંકી, સંસદસભ્ય, વિનોદભાઈ ચાવડા, સંસદસભ્યો, મુખ્ય મહેમાનપદે અને માન. ધા.સ. શ્રીમતી મનીષાબેન વકીલ, મેઘજીભાઈ ચાવડા, રમેશભાઈ મહેશ્વરી અને રજનીકાન્ત પટેલ તથા પ્રવીણભાઈ પંડ્યા, અધ્યક્ષ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, રમેશભાઈ સોલંકી, અધ્યક્ષ ગુ.અનુ.જાતિ વિકાસ નિગમ, જીતુભાઈ વાઘેલા, ઉપાધ્ય - ગુ. અનુ. જાતિ, વિકાસ નિગમ, સુરેશ મકવાણા - ઉપાધ્યક્ષ - ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં (૧) જય માડી - રમણભાઈ જી. રોહિતને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ'થી (૨) આદર્શ સંસ્કાર સમાજ આણંદ - પ્રમુખ મનુભાઈ મીઠાભાઈ રાઠોડને 'મહાત્મા ગાંધી એવોર્ડથી, વિઠ્ઠલરાય નથુરામ શ્રીમાળીને, 'સંત કબીર દલિત સાહિત્ય અવોર્ડથી (૪) ડૉ. હેતલ જી. ચૌહાણને સાવિત્રી બાઈ ફૂલે દલિત મહિલા - કલા / સાહિત્ય અવોર્ડ (૫) શ્રીમતી અનિતાબેન જિગ્નેશભાઈ પરમારને મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડથી અને (૬) નિલેષ મંગાભાઈ કાથડને દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડથી માન. મુખ્યમંત્રી શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડથી માન. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે નવાજમાં આવ્યા.'

- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને લોકનિકેતન રતનપુર - પાલનપુરના સંયુક્ત ઉપક્રમે ગદ્યસત્ર યોજાઈ ગયું. જેમાં ગુજરાતી વાર્તાઓનું વાચિકમ કરાયું હતું. આ પ્રસંગે નિસર્ગ ત્રિવેદી, નૈષેધ પુરાણી, તેમજ નિલિમા વ્યાસે શ્રેષ્ઠ ગુજરાતી વાર્તાઓ વિશે દૃષ્ટાંતો સહિત વકતવ્ય આપ્યું.

સંસ્કારનગરી વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્યસભા' દ્વારા શબ્દસાધક કવિ ચંદ્રકાન્ત શેઠને 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક', 'પદ્મશ્રી - ડૉ. સિતાંશુ યશચંદ્રના હસ્તે અર્પણ થયો.' આ સભાને આજસુધીમાં વીસ વિદ્વાન સર્જકોએ 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક' થી નવાજ્યા છે. આ એકવીસમો ચંદ્રક કવિ, નિબંધકાર, વિવેચક ચંદ્રકાન્ત શેઠને અર્પણ કરાયો છે. આ કાર્યક્રમના પ્રારંભમાં જાણીતા કવિ - બાળસાહિત્યકાર વિરંચી ત્રિવેદીએ પૂર્વભૂમિકા બાંધી હતી. મંચસ્થ મહેમાનોનો ટૂંકમાં પરિચય સંસ્થાના પ્રમુખ ચંદ્રકાન્ત રાવે આપ્યો હતો. પસુતક સર્જક ચંદ્રકાન્ત શેઠના જીવન-કવન વિશે ડૉ. શ્રદ્ધા ત્રિવેદીએ વાત કરી, શેઠના સર્જકના મહત્ત્વના ચાર આધાર સ્તંભો કવિતા, નિબંધ, વિવેચન અને સંપાદનની વિગતે વાત કરીને તેમના ૧૭ જેટલા કાવ્યસંગ્રહો, ૨૭ જેટલા વિવેચન સંગ્રહો, ૧૫ જેટલા નિબંધ સંગ્રહો અને વીસેક જેટલાં સ્વતંત્ર સંપાદનો તથા ૨૦-૨૫ જેટલાં અન્યની સાથે કરેલાં સંપાદનો વિશે વાત કરી હતી. આ સર્જકને મળતો આ પુરસ્કાર ૩૧મો છે. ડૉ. મહેશ ચંપકલાલે શેઠના એકાંકી સંગ્રહ 'સ્વપ્નપિંજર' વિશે વિગતે વાત કરી હતી. અતિથિવિશેષ તરીકે પધારેલ એમ.એસ. યુનિ.ના વાઈસ ચાન્સેલર પરિમલ વ્યાસે માતૃભાષાનો મહિમા કર્યો હતો. સંસ્થાના કાર્યાધ્યક્ષ સુરેશભાઈ શાહે, 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' એમ જણાવી ચેક અર્પણ કર્યો હતો. મહેશ ચંપકલાલે તેમનું પુસ્તકો તથા શાલ અર્પણ કરી સન્માન કર્યું હતું. ડૉ. રશીદ મીરે સંસ્થાના કાર્યનો ખ્યાલ આપી, મહેશ ભટ્ટે આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિરંચી ત્રિવેદીએ કર્યું હતું.

માનવ વિકાસ અને કલ્યાણ ટ્રસ્ટ દ્વારા પ્રા. મદનમોહન વૈષ્ણવના સહયોગથી જનક શાહ અને ભારતી શાહના પ્રકાશિત પુસ્તકો 'અડગ મનના ગજબ માનવી', 'હોંસલો કી ઉડાન', 'જીવતરની સાટે માણસાઈની વાટે; કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર'નું વિમોચન કુમારપાળ દેસાઈના અધ્યક્ષસ્થાને અને અને અંબુભાઈ અતિથિ વિશેષપદે થયું હતું.

- muljibhaidadhi@gmail.com